# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૬ તા.૧૯-૦૨-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ઓનલાઈન ટેકસ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ દ્વારા માહિતી આપવા બાબત.

સંદર્ભ :- પત્ર ક્રમાંકઃ પપમ/IT/૯૩૫-૮૭ તા.૦૯-૦૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઓનલાઈન ટેકસ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ દ્વારા વિના મૂલ્યે પાઠયપુસ્તકની માંગણી કરવા UDISE કોડથી gsbstb.online વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી વર્ષ ૨૦૨૦-૨૧ની CTS (Child Tracking System) સંખ્યાને ધ્યાને લઈ તા.૨૬-૦૨-૨૦૨૧ પહેલા આ સાથે સામેલ પત્રનો અભ્યાસ કરી વિના મૂલ્યે પાઠયપુસ્તકની માંગણી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૯-૦૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

"વિદ્યાયન", સેક્ટર-10-એ, ગાંધીનગર-382010.

પત્રક્રમાંક: ગપમ/IT/935-87
તારીખ: 09 FEB 2021

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ.
- શાસનાધિકારીશ્રી,
  નગર શિક્ષણ સમિતિ, તમામ.

વિષયઃ ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ દ્વારા માહિતી આપવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર **શૈક્ષણિક વર્ષઃ 2021-22** માટે **ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ** દ્વારા વિના-મુલ્યના પાઠ્યપુસ્તકોની માંગણી સ્વીકારશે. રાજ્યની સરકારી, અનુદાનિત, કે.જી.બી.વી., મોડેલ સ્કુલ અને આશ્રમશાળાઓ પોતાના **UDISE** કોડથી **gsbstb.online** વેબસાઈટ પર ઓન-લાઈન રજીસ્ટ્રેશન કરી વર્ષઃ 2020-21ની CTS સંખ્યાને ધ્યાને લઈ વિના-મુલ્યના પાઠ્યપુસ્તકોની માંગણી કરશે.

આપના જિલ્લા / નગરપાલિકાઓમાંના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી દ્વારા ધોરણ-1 થી 8 માં ધોરણ, માધ્યમ, વિષયવાર વિદ્યાર્થી સંખ્યા મુજબ પાઠ્યપુસ્તકોની જરૂરીયાત ઓન-લાઈન ડેટા ચકાસણી કરવાની કામગીરી તા.15/02/2021 થી તા.28/02/2021, 23.59 કલાક સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રી દ્વારા તાલુકા/નગરપાલિકા કક્ષાએથી પુર્ણ કરવાની રહેશે.

તાલુકા/નગરપાલિકાના તાબામાં આવતી ધો.1 થી 8 માટે વિના-મુલ્યના પાઠ્યપુસ્તક મેળવનાર શાળાઓની માંગણી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીએ ચકાસવાની રહેશે. ઉપરોક્ત મળેલ તમામ શાળાઓ માટેના પાઠ્યપુસ્તકની જરૂરીયાતની ચકાસણી માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે અને ત્યારબાદ પાઠ્યપુસ્તકો તાલુકા/નગરપાલિકાના સ્થળ સુધી પહોંચાડવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

ઉપરોક્ત તમામ કામગીરી અંગેની સુચનાઓ gsbstb.online વેબસાઈટ પરથી મેળવી શકાશે.

આમ, **શૈક્ષણિક વર્ષ:2021-22** માટેના પાઠ્યપુસ્તકોની જરૂરીયાતની માહિતી એન્ટર કરવાની અને આપની કક્ષાએથી ઉપરોક્ત કામગીરી તા.03/03/2021 સુધીમાં આપના જિલ્લા/નગરપાલિકા લોગીનમાં જઈ પુર્ણ કરવા આપશ્રીને જાણ કરવામાં આવે છે.

ના.નિયામક(વ.વિ.)
ગુ.રા.શા.પા.પુ.મંડળ,
ગાંધીનગર

સવિનય નકલ રવાનાઃ
- માન.અગ્રસચિવશ્રી, (એજ્યુ.) બ્લોક નં.5, નવા સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.12/1, ડૉ.જે.એમ.ભવન,ગાંધીનગર.
- ના.નિયામકશ્રી(વ.વિ.), અત્રેની કચેરી, ગાંધીનગર.

GS
BS
TB
IT
11
9/
20

# Online Textbooks Indent System : 2021-22

## જિલ્લા(DEO/DPEO/AO) કક્ષાએથી કામગીરી કરવાની કાર્યપધ્ધતિ:

1. **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી પોતાના લોગીનમાં જઈ શાળા વિકાસ સંકુલ/તાલુકા/નગરપાલિકા મુજબ શાળાવાર ઉપરોક્ત તમામ માહિતી જોઈ અને તેની ચકાસણી કરી શકશે.**
2. શાળાઓ તરફથી માહિતી એન્ટર થયા બાદ આપના જિલ્લાના તમામ શાળા વિકાસ સંકુલ/તાલુકા/નગરપાલિકાની ડેટા ચેક કરવાની કામગીરી શરૂ, કાર્યરત કે પુર્ણ કરેલ હોય તથા તમામ શાળા વિકાસ સંકુલ/તાલુકા/નગરપાલિકાના અધિકારીશ્રીએ કન્ફર્મેશન આપેલ છે. જે Status જિલ્લા/નગરપાલિકાના લોગીનમાં જઈ જોઈ શકાશે.
3. **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી** જિલ્લાના તમામ તાલુકા / શાળા વિકાસ સંકુલ **'કન્ફર્મ એન્ડ લોક'** થયા બાદ અને રીપોર્ટ ચકાસણી કર્યા બાદ જ જિલ્લાના લોગીન રીપોર્ટમાં **"Confirm and Lock"** પર ક્લીક કરવાથી આપના જિલ્લાની માહિતી લોક થશે.
4. **શૈક્ષણિક વર્ષ:2021-22 માટેના પાઠ્યપુસ્તકોની જરૂરીયાતની માહિતી કન્ફર્મ કરવાની આપની કક્ષાએથી થનાર કામગીરી પત્રમાં સુચવેલ સમયમર્યાદામાં આપના જિલ્લાના લોગીનમાં જઈ આપશ્રીએ પુર્ણ કરવાની રહેશે.**
5. જિલ્લા કક્ષાએથી કન્ફર્મ કરેલ માહિતી રાજ્ય કક્ષાએ ચકાસણી કર્યા બાદ પાઠ્યપુસ્તકો શાળા વિકાસ સંકુલ/તાલુકા/નગરપાલિકા પર મોકલવાની કામગીરી શરૂ થશે.

❋ ❋ ❋ ❋ ❋

# Online Textbooks Indent System : 2021-22

## ધો.1 થી 8 - શાળા કક્ષાએ રજીસ્ટ્રેશન કરવાની કાર્યપધ્ધતિઃ

1. શાળા દ્વારા ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમમાં ડેટા એન્ટર કરવા માટે શાળાએ રજીસ્ટ્રેશન **gsbstb.online** વેબસાઈટ પર કરવાનું રહેશે.
2. શાળા પોતાના **UDISE** કોડનો ઉપયોગ કરી મુખ્ય શિક્ષકનું નામ અને મોબાઈલ નંબર આપી શાળા રજીસ્ટ્રેશન કરશે.
   - ❖ શાળાનો પ્રકારઃ **સરકારી, અનુદાનિત, કે.જી.બી.વી., આશ્રમશાળા, મોડેલ સ્કુલ** અને માધ્યમ પસંદ કરો.
   - ❖ ધો.1 થી 8 ની શાળાએ પોતાનો તાલુકો/નગરપાલિકા પસંદ કરવો.
   - ❖ ધો. 1 થી 12 ની શાળા હોય તેઓએ તાલુકો/નગરપાલિકા અને SVS બંને સિલેક્ટ કરવા પડશે.
3. ધો.1 થી 8ના વિના-મુલ્ય પાઠ્યપુસ્તકો શાળાએ પસંદ કરેલ તાલુકા/નગરપાલિકા પાસેથી જ શાળાને મળશે.
4. શાળાના મુખ્ય શિક્ષકનું નામ અને મોબાઈલમાં ફેરફાર જણાય તો શાળા પોતાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અથવા શાસનાધિકારીનો સંપર્ક કરી માહિતીમાં ફેરફાર કરાવી શકશે.**(UDISE કોડ આપવો જરૂરી છે.)**
5. **શાળા ધોરણ, માધ્યમ, વિષય પસંદ કરી પાઠ્યપુસ્તક જરૂરીયાતની સંખ્યા(CTS મુજબ) એન્ટર કરી Submit કરશે.**
6. **શૈક્ષણિક વર્ષ:2021-22 માટેના પાઠ્યપુસ્તકોની માંગણી માટે CTS મુજબની વિદ્યાર્થી સંખ્યાને ઓન-લાઈન ચેક કરવામાં આવશે ત્યારબાદ માંગણી સ્વીકારવામાં આવશે.**
7. ત્યારબાદ **Request Books-> STD 1 TO 8 ROUND_1** પર ક્લીક કરો.
8. **Demand Books STD 1 to 8 Round - 1 (નવા માંગવાના પુસ્તકો)માં ધોરણ-માધ્યમ-વિષય પસંદ કરી જરૂરીયાતમાં CTS મુજબની સંખ્યા એન્ટર કરો.**
9. આ માહિતીને રીપોર્ટ સ્વરૂપે મેળવવા માટે **Reports** મેનુમાં **Entry Report Std 1 - 8** દ્વારા રીપોર્ટ ચેક કરો.
10. તમામ ઉપરોક્ત માહિતી એન્ટર કરી રીપોર્ટ ચકાસણી કર્યા બાદ જ રીપોર્ટમાં **"Confirm and Lock"** પર ક્લીક કરવાથી આપની માહિતી લોક થશે. ત્યારબાદ આ માહિતીમાં કોઈ સુધારો-વધારો થઈ શકશે નહીં. **આ કામગીરી શાળા કક્ષાએથી તા.26/02/2021 સુધીમાં પુર્ણ કરવાની રહેશે.**

❋ ❋ ❋ ❋ ❋

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૬-A તા.૧૯-૦૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- જિલ્લા કક્ષાના રમકડાં મેળા 'Toy fare'માં શિક્ષકોને જોડાવા બાબત.

સંદર્ભઃ- ૧.ક્રમાંકઃજીસીઈઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/૧૮૮૦૭-૧૮૮૭૩ તા.૨૯-૧૨-૨૦૨૦નો પત્ર.

૨.પરિપત્ર નં.૯૮ તા.૩૦-૧૨-૨૦૨૦

૩.ક્રમાંકઃજીસીઈઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/૫૦૩૦-૫૧૧૮ તા.૧૯-૦૨-૨૦૨૧નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તમામ શિક્ષકો રાષ્ટ્રીય રમકડા મેળામાં જોડાય અને તેનો પ્રચાર-પ્રસાર થાય તેમજ મેળામાં પ્રદર્શિત થનાર વિવિધ કેટેગરીના રમકડાનો ઉપયોગ તેઓ પોતાના વર્ગખંડ શિક્ષણમાં કરે તેવા આશયથી તમામ શાળાના તમામ શિક્ષકો સહિત એસ.એમ.સી.ના સભ્યો,સી.આર.સી.સી.,બી.આર.સી.સી.,મુખ્ય શિક્ષકો,વિધાર્થીઓ અને વાલીઓ પણ જોડાય અને તેનો લાભ મેળવે તે માટે www.theindiatoyfair.in લીકના માધ્યમથી તારીખ:૨૭-૦૨-૨૦૨૧ થી ૦૨-૦૩-૨૦૨૧૯(દિન-૪) જોડાવવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૯-૦૨-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી

સચિવ

ક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/ ૫૯૩૦-૫૧૧૫
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખઃ ૧૮/૦૨/૨૦૨૧

પ્રતિ,
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ**
**શાસનાધિકારીશ્રી,તમામ**

**વિષયઃ વર્ચ્યુઅલ રાષ્ટ્રીય રમકડા મેળામાં ઓનલાઇન લીંકથી રજીસ્ટ્રેશન કરાવવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતીમાં બાળકોને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને શિક્ષણશાસ્ત્રમાં સામેલ કરીને સક્રિય અને આનંદકારક શિક્ષણપ્રદાન કરવાના લક્ષ્ય સાથે અને દેશી રમકડાંઓને પણ પ્રોત્સાહન આપવા, શિક્ષણ મંત્રાલય સહિતના અન્ય મંત્રાલયોના સહયોગથી રાષ્ટ્રીય રમકડાં મેળાનું આયોજન તારીખઃ **27/02/2021 થી 02/03/2021 (દિન- 4)** દરમિયાન વર્ચ્યુઅલ મોડથી પ્રથમ રાષ્ટ્રીય રમકડાં મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

રાષ્ટ્રમાં વર્ચ્યુઅલ મોડથી યોજાનાર પ્રથમ રાષ્ટ્રીય રમકડાં મેળામાં આવેલ વિવિધ કૃતિઓને નિહાળવા માટે રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે જે તારીખ **25/02/2021** સુધીમાં કરી શકાશે.

રાજયના શિક્ષકો રાષ્ટ્રીય રમકડાં મેળામાં જોડાય અને તેનો પ્રચાર-પ્રસાર થાય તેમજ મેળામાં પ્રદર્શિત થનાર વિવિધ કેટેગરીના રમકડાનો ઉપયોગ તેઓ પોતાના વર્ગખંડ શિક્ષણમાં કરે તેવા આશયથી રાજયની તમામ પ્રકારની શાળાના તમામ શિક્ષકો સહિત એસ.એમ.સી.ના સભ્યો, સી.આર.સી.સી., બી.આર.સી.સી., મુખ્ય શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ જોડાય અને તેનો લાભ મેળવે તે માટે આ સાથે આપેલ લીંકના માધ્યમથી તારીખઃ **27/02/2021 થી 02/03/2021 (દિન- 4)** દરમિયાન તેમને જોડાવવા માટે જરુરી સૂચના આપની કક્ષાએથી કરવા આથી જણાવવામાં આવે છે.

Link www.theindiatoyfair.in

| | | |
|---|---|---|
| **નિયામક** | **નિયામક** | **સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર** |
| જીસીઇઆરટી | પ્રાથમિક શિક્ષણ | **એસ.એસ.એ વ** |
| ગાંધીનગર | નિયામકની કચેરી | **નિયામક** |
| | ગાંધીનગર | **શાળાઓની કચેરી** |

**નકલ સવિનય રવાનાઃ**

- માન.સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર

**નકલ રવાના જાણ તેમજ અમલ સારૂં**

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામજાણ તથા અમલાર્થે